કલ્યાણકારી કચ્છ ચાતુર્માસ 2022
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે
SPM પરિવાર
પુનડી, કચ્છ

JAIN KRANTI
# જૈન ક્રાંતિ

Vol. 13 I Issue 2 I Mumbai I June - 2022 I Price Rs. 25/- I Pages : 28

SPM
આરોગ્યધામ
પુનડી, કચ્છના પ્રાંગણે
તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
શ્રી રતિલાલજી મહારાજ સાહેબના કૃપાપાત્ર સુશિષ્ય
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
આદિ 41 સંત-સતીજીઓના સાંનિધ્યે

## ચાતુર્માસ પ્રવેશ શુભેચ્છા અવસર

એવમ્

## ગુરુ સમર્પણ અવસર

સવારે 07:30 કલાકે

બપોરે 03:30 કલાકે

3rd July 2022

આમંત્રક: શ્રી SPM પરિવાર

SPM આરોગ્યધામ, પુનડી ગામ, તાલુકો: માંડવી, જીલ્લો: કચ્છ

ચાતુર્માસ અંગે માર્ગદર્શન: +91 73030 00444/666

પ્રભુની પ્રથમ દેશના - શ્રી આચારાંગ સૂત્રના અમૃત ભાવો
રાષ્ટ્રસંત પરમ ગુરુદેવની સરળ અને ભાવવાહી શૈલીમાં... આ અંકમાં !

## પ્રભુનો આચાર... મારા સંસ્કાર !

# શ્રી આચારાંગ સૂત્ર...

**'પ્રભુના વચનોનું વાંચન કરીએ,**
**પ્રભુના આચારને સ્વયંના સંસ્કાર બનાવીએ !'**
સંસ્કાર એટલે ભાષા વગરના ભાવ, જે ભવોભવ સાથે આવે !

સંસ્કાર બને કેવી રીતે ?
જ્યારે **પ્રભુના વચનો** પ્રત્યે અત્યંત **સંવેગભાવ** હોય,
ઉત્કૃષ્ટ **ઉપકારભાવ** હોય, અંતરનો આત્મિક **અહોભાવ** હોય !

જ્યારે **પ્રભુના વચનો, આત્માનો Oxygen** લાગે,
**આત્મયાત્રાના Milestones** લાગે,
**અમૃતના અમીમય ઘૂંટડા** લાગે !

**ત્યારે જ,**
**પ્રભુની સર્વજ્ઞતા અનુભવાય અને**
**ત્યારે જ પ્રભુના આચાર... સંસ્કાર બને !**



**સૌજન્યઃ ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર**

આગમ વાંચનાનું શ્રવણ અને વાંચન કરવા માટે બે ગુણ અનિવાર્ય હોય છે :

## **શ્રદ્ધા** અને **સરળતા** !

જ્યાં પરમ તત્ત્વ પ્રત્યે **શ્રદ્ધા** છે, ત્યાં આત્મવિકાસ સહજ છે.


**સરળતા** સમ્યક્દર્શન પ્રાગટ્યનું પરમ નિમિત્ત છે.



પ્રભુના પ્રત્યેક વચનો પ્રત્યે ભાવ હોવા જોઈએ...

## एवमेयं भंते! तहमेयं भंते! अवितहमेयं भंते!

- ગુરુભક્ત શ્રી કોઠારી પરિવાર






: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJANBEN CHHEDA

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
connect@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

| | | |
|---|---|---|
| LIFE TIME (WITHIN INDIA) | : | ₹ 2500 |
| FOR 2 YRS. (WITHIN INDIA) | : | ₹ 500 |
| LIFETIME (INTERNATIONAL) | : | ₹ 20000 |
| FOR 1 YR. (INTERNATIONAL) | : | ₹ 2500 |

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181


**TO KNOW MORE ABOUT
PUJYA GURUDEV
CONTACT ON: +91-9860905678**

# આવો આવો દેવ,
## અમારા સૂના સૂના દ્વાર,
## અમારા આંગણાં સૂના...



હે ગુરુદેવ ! ભ્રમણા અને અજ્ઞાનરૂપી અંધારી ઓરડીમાં... કર્મની બેડીઓના બંધનમાં... બંધાયેલો અમારો આત્મા,
પોકાર કરી રહ્યો... યાચના કરી રહ્યો... હવે પધારો અમારે દ્વાર, તોડાવો અમારા કર્મ બંધન !
ચંદનબાળાની જેમ, કરવાને અમારું આત્મકલ્યાણ, પધારો... પધારો... પધારો... હે પરમ ગુરુદેવ અમારા આંગણે !
શ્રદ્ધા-ભક્તિ અને સમર્પણતારૂપી બાકુળાને અર્પણ કરવા, અમે અધીર બની રહ્યાં... અમે અધીર બની રહ્યાં !
પધારો ગુરુદેવ... પધારો પધારો !

**- ગુરુભક્ત શ્રી SPM પરિવાર, પુનડી - કચ્છ**




2578 વર્ષ પહેલાંનો વૈશાખ સુદ અગિયારસનો એ દિવસ, જ્યારે કેવળજ્ઞાની ભગવાન મહાવીર સ્વામીના શ્રીમુખેથી પ્રગટ થઈ હતી પ્રથમ દેશના, જેને કહેવાય છે, **શ્રી આચારાંગ સૂત્ર !**

પરમાત્મા કહે છે, અનાદિકાળના આ સંસારમાં અનંત-અનંત જીવે કોઈ એક પરમ સદ્‌ભાગી જીવને પ્રભુના વચન શ્રવણનો, સત્યના વચન શ્રવણનો અત્યંત દુર્લભ યોગ પ્રાપ્ત થતો હોય છે.

એવા જ પરમ સદ્‌ભાગી જીવો માટે આવો દુર્લભ યોગ સર્જાયો હતો વર્ષ 2018 માં !

રાજકોટના શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, સી. એમ. શેઠ પૌષધશાળા, ઓમાનવાળા ઉપાશ્રયના આંગણે 75-75 સંત-સતીજીઓના ઐતિહાસિક અને યાદગાર સમૂહ ચાતુર્માસ પ્રારંભ પહેલાનાં એ દિવસો, જ્યારે બહારમાં વાદળો વરસવાની તૈયારી કરી રહ્યાં હતાં અને **રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ** અનંત કરુણા વરસાવીને શ્રી આચારાંગ સૂત્રની વાંચના પ્રગટ કરી રહ્યાં હતાં.

એક સાથે 75-75 સંયમી આત્માઓ અને અનેક-અનેક ભાવિકો સમક્ષ અત્યંત મધુર વાણીમાં બાળકને પણ સહજતાથી સમજાઈ જાય એવી સરળ શૈલીમાં પરમ ગુરુદેવના શ્રીમુખેથી પ્રગટ થતાં શ્રી આચારાંગ સૂત્રના ભાવો જાણે સ્વયં પરમાત્મા શ્રી સંઘરૂપી સમવસરણમાં બિરાજીને ફરમાવતાં હોય અને ભવ્ય જીવોના આત્માને કલ્યાણનો પોકાર કરતાં હોય એવી અનુભૂતિ કરાવતાં હતાં.

નિરંતર 21 દિવસ સુધી વહેલી આ વાંચનાની ધારામાં પરમાત્મા કથિત અનેક-અનેક વચનો પર પરમ ગુરુદેવના અંતર ઊંડાણથી અવિરતપણે પ્રગટતા જ્ઞાનભાવો અને ગહન સમજ, શ્રોતા ભાવિકોને અમૃતના આસ્વાદ સાથે સત્યની સ્પર્શના કરાવતી હતી.

હૃદયના ઊંડાણ સુધી સ્પર્શી જનારી પરમ ગુરુદેવની મધુર વાણીને બસ સાંભળ્યા જ કરીએ, સાંભળ્યા જ કરીએ, એવી ભાવાનુભૂતિ સાથે પરમાત્માના બોધ વચન અનેક અનેક સંયમી આત્માઓને, અનેક ભવ્ય જીવોને સ્પર્શ્યા, ભાવ વિશુદ્ધિનું નિમિત્ત બન્યાં, સંસાર પ્રત્યે નિર્વેદ અને સંયમ પ્રત્યે સંવેગના ભાવનાના ઉદ્દીપક બન્યાં. જીવનમાં, વિચારોમાં, ભાવોમાં આત્મસાત્ બન્યાં અને આત્મકલ્યાણની પ્રેરણા બન્યાં.

કલાકો સુધી ગુરુદેવે એક-એક દિવસે ફરમાવેલી શ્રી આચારાંગ સૂત્રની વાચનાનો અર્ક, એ વાંચનાના થોડાંક અંશો વાચક ભાવિકોને પણ બોધિત - પ્રતિબોધિત કરીને ભાવ વિશુદ્ધિ કરાવે એવી મંગલ ભાવના સાથે આ અંકમાં પ્રકાશિત કરવામાં આવ્યાં છે.




# એક સૂત્ર – મારી પીડાનું શુદ્ધિકરણ

- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

## जे अणण्णदंसी से अणण्णारामे, ।
## जे अणण्णारामे से अणण्णदंसी ।।

**શ્રી આચારાંગ સૂત્ર**
**અધ્યયન 2, ઉદ્દેશક 6**

જંગલમાં દિવસોના દિવસો સુધી એકલા-અટુલા રહીને ધ્યાનસ્થ દશામાં ઉભેલા ભગવાન મહાવીરને કોઈએ પૂછ્યું, ભગવાન! કેટલા દિવસ આમને આમ ઊભા રહેશો જંગલમાં, કંટાળો નથી આવતો ? હવે નગરમાં પાછા આવો !

ભગવાને કહ્યું, 'જે આનંદનો અનુભવ મેં કદી દેવલોકના વિમાનમાં પણ નથી કર્યો, ભૂતકાળમાં 64000 રાણીઓના પતિ સ્વરૂપે પણ નથી અનુભવ્યો, ચૌદ રાજલોકના એક-એક ખૂણામાં હું જઈ આવ્યો, પણ એક પણ ખૂણામાં જે આનંદ મેં નથી અનુભવ્યો, એવો આનંદ હું આ જંગલમાં એકલો અટુલો રહીને આજે પ્રાપ્ત કરી રહ્યો છું !' આવું શા માટે કહ્યું ભગવાને ?

જેની અન્ય તરફ દૃષ્ટિ જ નથી, જેને અન્યનો વિચાર જ નથી, જેને અન્ય કોઈનો વિકલ્પ જ નથી, જેને અન્ય માટે કોઈ ભાવના જ નથી, જે પોતાના 'સ્વ' ભાવમાં સ્થિર છે, એના જેવો આનંદ સર્વાર્થસિદ્ધ મહાવિમાનના દેવલોકના દેવો પાસે પણ નથી. માટે જ, શ્રી આચારાંગ સૂત્રમાં ભગવાન મહાવીરે એક સરસ બોધ આપ્યો છે,

''जे अणण्णदंसी से अणण्णारामे''

અર્થાત્ - **જે કોઈને જોતો નથી, એના આનંદનો કોઈ પાર નથી. અને જે બીજાને જુએ છે, જેની દૃષ્ટિ 'પર' તરફ છે એની પીડાનો કોઇ પાર નથી.** ભગવાને આપેલું આ એક જોરદાર સૂત્ર છે. જેની દૃષ્ટિ અન્ય તરફ નથી એને અનન્ય શાંતિનો અનુભવ થાય છે.

**અન્યથી અનન્ય એવી માત્ર 'સ્વ' તરફ જે દૃષ્ટિ રાખનારા છે, જે માત્ર આત્મદૃષ્ટિ રાખનારા છે એના આનંદનો, એની શાંતિનો, એની સમાધિનો અને સુખનો કોઇ પાર નથી હોતો.**

ભગવાને કહ્યું, તું તારી દૃષ્ટિને 'પર' તરફથી 'સ્વ' તરફ કરી દે ! જેને જે કરવું હોય એને તે કરવા દે ! જેને જે વિચારવું હોય એને તે વિચારવા દે ! તું તારું ધ્યાન માત્ર તારા તરફ કેન્દ્રિત કરી દે ! આજ દિન સુધીના તારા દુ:ખનું કારણ શું છે ? તને દુ:ખી કરવાની ક્ષમતા કોનામાં છે ? કોઈનામાં નહીં, **માત્ર તારા સિવાય તારા દુ:ખનું કારણ અન્ય કોઈ નથી.**

જે બીજામાં માથું મારવા જાય, એના માથાનો દુ:ખાવો start થઈ જાય. પોતાના તરફથી જેવી બીજા તરફ દૃષ્ટિ કરવા ગયા એટલે અશાંતિ, અસમાધિ અને પાર વિનાની પીડાઓની પરંપરા start થઇ જાય. માટે જ ભગવાનના સાધુએ ગુપ્તિ કરવાની હોય.

સાધુ કે સાધક માટે પ્રભુએ સમિતિ અને ગુપ્તિની પાલના બતાવી છે. ગુપ્તિ એટલે ગોપન કરવું. જેને ગોપન કરતાં આવડી ગયું... મનનું, વચનનું, કાયાનું ગોપન કરતાં જેને આવડી ગયું એના જેવો આનંદ અન્ય કોઈ ન હોય. સાધુને જેવો સમય મળે એટલે એને ગુપ્તિ કરવી. મન ગુપ્તિ, વચન ગુપ્તિ અને કાય ગુપ્તિ. માટે જ, જ્યારે જ્યારે સમય મળે ત્યારે શું કરવાનું ?

ભગવાને કહ્યું,

'अभिक्खणं काउस्सग्गकारी'

સાધુ કેવો હોય ? સાધુ વારંવાર વારંવાર કાર્યોત્સર્ગ કરતો હોય. કાર્યોત્સર્ગ એટલે શું ? કાય ગુપ્તિ ! જેમ જેમ કાયાની ગુપ્તિ થતી જાય એમ એમ અંદરમાંથી એક અલગ જ પ્રકારની શાંતિ-સમાધિ અને આનંદ મળતો જાય. જેવો કાયોત્સર્ગ થાય એટલે automatic સંસારથી disconnection અને સ્વયંના connection ની process start થઈ જાય.

**જે આત્મદર્શી છે એને અનન્ય આનંદની પ્રાપ્તિ થઈ જાય !**



# એક સૂત્ર – મારા કંટાળાનું શુદ્ધિકરણ

- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

**णारइं सहइ वीरे, वीरे णो सहइ रइं।**
**जम्हा अविमणे वीरे, तम्हा वीरे ण रज्जइ।।**

**શ્રી આચારાંગ સૂત્ર-અધ્યયન 2, ઉદ્દેશક 6**

જહાજ અને નાવ
બંનેનું કર્તવ્ય શું ?

જહાજનું કર્તવ્ય છે હજારોને સામે કિનારે પહોંચાડવા અને નાવનું કર્તવ્ય, બે કે ચાર વ્યક્તિને સામે કિનારે પહોંચાડવાનું હોય. સહુ-સહુના અલગ કર્તવ્ય હોય.

પણ થાય છે શું ? હું આ કરી લઉં, હું પણ આમ કરી લઉં, હું આવી રીતે કરી લઉં.

જીવની આવી વૃત્તિના કારણે એની ચંચળતા વધે છે. ચંચળતા વધે એટલે ત્રસતા વધે અને ત્રસતા વધે એટલે automatically સ્થાવરપણામાં જન્મ લેવો પડે એવા કર્મ બંધાય.

એટલા જ માટે ભગવાને કહ્યું, '**णारइं सहइ वीरे**' **કંટાળાને સહન કરવાની સાધના કરો.**

**સાધક હંમેશા કંટાળાને સહન કરનારો હોય. કામનાઓ પૂરી ન થતાં અંદરથી જે જન્મે એને કંટાળો કહેવાય.** મોટાભાગના સંસારી જીવો, ખાસ કરીને ત્રસ જીવોને સ્થાવરપણામાં શા માટે જવું પડે ?

કેમ કે, જ્યારે પણ ઇન્દ્રિયો મળી હોય, કંઈક કરી શકવાની ક્ષમતા મળી હોય ત્યારે ત્યારે આ જીવે, આ કરવું છે, તે કરવું છે, આ જોઈએ છે, તે જોઈએ છે, આ લઇ આવું, આ મૂકી આવું, આને મળી લઉં આવું કંઈક ને કંઈક કરવાની ઝંખના એણે કરી છે.

કંઇ પણ કરી શકવાની ક્ષમતા કે એક જગ્યાએથી બીજી જગ્યા પર જવાની ક્ષમતા ત્રસ જીવો પાસે હોય છે. સ્થાવર જીવો કંઈ કરી શકતા નથી. અને કંઇક કરી શકવાની ક્ષમતાના કારણે ત્રસ જીવો કંઈકને કંઈક કરવાની ઝંખના કરતાં હોય છે. એમાં પણ જ્યારે એને કંઈ કરવા ન મળે ત્યારે અંદરમાંથી કંટાળો આવવા લાગે, ધીરે ધીરે laziness આવવા લાગે.

ભગવાન કહે છે, '**णारइं सहइ वीरे**' જે વીર પુરુષ હોય, જે પ્રભુનો સાધક હોય તે 'કંઈક કરવું છે' ની વૃત્તિમાંથી બહાર નીકળી જાય. માત્ર એનું જે કર્તવ્ય હોય તે જ કરે. કર્તવ્ય સિવાયનું એક ડગલું પણ ન ભરે. કર્તવ્ય સિવાયનું એક પણ કાર્ય ન કરે, કર્તવ્ય સિવાયના એક પણ પ્રકલ્પ ઊભા ન કરે.

કેમ કે, કર્તવ્ય જેવા પૂરા થાય, વ્યક્તિ જેવી free થાય એટલે અંદરમાંથી કંટાળો આવવા લાગે. કંઈ કરવા ન મળે, કંઈ કરી ન શકે, કંઈ કરવું હોય પણ થાય નહીં અથવા કંઈ કરવું ન હોય અને કંઈ થઈ પણ ન શકતું હોય એટલે અંદરમાંથી કંટાળો આવવા લાગે અને આવા **કંટાળાના અવગુણને જીતવું તેને ભગવાન મહાવીરે સર્વશ્રેષ્ઠ સાધના કહી છે.**

જંગલોમાં એકાંતમાં વૃક્ષની નીચે ઊભેલાં ભગવાન મહાવીરને કોઈએ પૂછ્યું, ભગવાન ! અહીં ઊભા-ઊભા શેની સાધના કરો છો ? ભગવાને કહ્યું '**णारइं सहइ वीरे**'

હું અત્યારે કંટાળાને સહન કરવાની સાધના કરી રહ્યો છું. કેમ કે, કંઈક કરવા રૂપ ત્રસ વૃત્તિ એ જ સ્થાવરમાં જવાનું કારણ છે. જીવનું નિગોદ ગતિમાં, સ્થાવરમાં, પૃથ્વીકાય કે વનસ્પતિકાયમાં જન્મ લેવાનું કારણ શું ? તો ભગવાને કહ્યું, **ત્રસ દશાની આસક્તિ તે સ્થાવરમાં જવાનું કારણ છે.**

ત્રસ દશાની આસક્તિ એટલે શું ? કંઈક ને કંઈક કરવાની વૃત્તિ તે ત્રસ દશાની આસક્તિ હોય.

જીવના બે problem છે. એક તો કાંઈ

કર્યા વિના ચાલતું નથી અને અથવા તો કાંઈ કરવું નથી. જેને કાંઈ કરવું નથી તે પોતાનું કર્તવ્ય પણ નથી કરતાં અને જેને કંઈક કરવું છે એને બસ કંઈ કર્યા જ કરવું છે.

દરેક સાધકે સાધક દશાની શરૂઆતના વર્ષોમાં માત્રને માત્ર કંટાળાને સહન કરવાની તૈયારી કરવી જોઈએ. કેમ કે, કંઈક કરવું, કંઈક કરી લેવું, કંઈક કરી બતાવવું, તે આત્માનો અનંતકાળનો અવગુણ છે. માટે જ, જ્ઞાની વ્યક્તિ શાંત હોય કે ચંચળ હોય ? જ્ઞાની હંમેશા શાંત હોય. શ્રેષ્ઠ સાધકો હંમેશા શાંત હોય.

મહાવીર કેવા હતા ? મહાવીરની આસપાસમાં દેહ હતો ત્યાં સુધી એમણે દેહના કર્તવ્યરૂપે જે કાંઈ આહાર આપવો પડે તે આહાર આપી દીધો, પછી શાંત થઈ ગયા. મહાવીરને જ્યારે કેવલજ્ઞાન પ્રગટ થયું ત્યારે જગત કર્તવ્ય નિભાવ્યું અને બાકીના સમયમાં ભગવાન શાંત હતા.

**જેને ચંચળતા ગમે છે તેની સાધક દશામાં કચાશ હોય છે.** ભગવાને કહ્યું કંટાળાને સહન કરવાની તૈયારી રાખો, જેમ જેમ કંટાળાને સહન કરવાની ક્ષમતા આવવા લાગે એમ એમ આંતરિક સૂઝ-બુઝનો ભાવ વધવા લાગે. જે વ્યક્તિએ કંટાળો સહન ન કર્યો હોય એની પાસે હૈયાસુઝ ન હોય, જેની પાસે હૈયાસુઝ હોય એણે કંટાળાને સહન કર્યો હોય.

'णारइं सहइ वीरे'

વીર પુરુષ હોય તે કદી રતિભાવને સહન ન કરી શકે. રતિ એટલે ખુશી, આનંદ, મજા.

જ્ઞાની વ્યક્તિ ક્યારેય પણ મજાને સહન ન કરી શકે. મજાના ક્ષેત્ર, આનંદના ક્ષેત્ર કે ચંચળતાના ક્ષેત્રથી જ્ઞાની વ્યક્તિ હંમેશા દૂર રહે.

તમે આમ કરી આવજો ! આ કેમ નથી કર્યું ? તમારે આમ કરવું જોઈએ, આ કેમ time પર પહોંચ્યું નથી ? અહીંયા આ કરવાની જરૂર હતી, અહીંયા આમ બન્યું નથી, આમ કરવાનું છે. 'जम्हा अविमणे वीरे' આવા પ્રકારના દરેક વિકલ્પોથી જ્ઞાની પુરુષનું મન શાંત થઈ જાય છે.

આવા વિકલ્પો કોને આવે ?

**જેને કંઈક કરવું છે એને આવા બધા વિકલ્પો આવે, કાર્ય હોય ત્યાં વિકલ્પો આવે અને કાર્ય ન હોય ત્યાં કોઈ વિકલ્પ જ ન આવે.** જેવા વિકલ્પ આવે, ત્યા રાગ-દ્વેષ આવે, રાગ-દ્વેષ થાય એટલે કર્મો વધે અને કર્મો વધે એટલે સંસાર વધે. માટે જ, ભગવાને કાર્યોત્સર્ગની સાધના બતાવી છે.

કાર્યોત્સર્ગ શા માટે કરવાનો ? ત્રસરૂપ કર્મને ક્ષય કરવા માટે. કાર્યોત્સર્ગ કરવાથી ત્રસ દશા ઉપશાંત થવા લાગે. તો શું એ સ્થાવર દશા થઈ જાય ? નહીં. કેમ કે, કાર્યોત્સર્ગમાં પણ અંતરમાં કોઈક ને કોઈક પ્રકારની પ્રક્રિયા તો છે જ. એટલે સ્થાવર દશાની કોઈ અનુમોદના નથી.

**જેમાં નથી સ્થાવર દશાની અનુમોદના કે નથી ત્રસ દશાની અનુમોદના, આ બંને દશામાંથી મુક્ત થવા માટે વારંવાર કાર્યોત્સર્ગ કરવાનો હોય છે.**

આટલા વખતમાં જ્યારે-જ્યારે પણ કાર્યોત્સર્ગ કર્યો છે ત્યારે શું એવા ભાવ સાથે કર્યો છે કે ત્રસ દશાનું પ્રાયશ્ચિત કરવા માટે કાર્યોત્સર્ગ કરું છું ? ના, આવા ભાવ તો હોય જ નહીં અને આપણું લક્ષ્ય હોય કે કેટલા લોગસ્સનો કાર્યોત્સર્ગ કરવાનો 20નો કે 40નો ? જ્યારે કે મુખ્ય હેતુ તો ત્રસ દશાનું પ્રાયશ્ચિત કરવાનો હોય છે.

**કોઈપણ કાર્ય કરતાં સમયે કર્મબંધ ન થાય એવી જાગૃત દશા કેળવવાની છે.**

માનો કે, કોઈકને book publish કરાવવાના ભાવ છે. અને જો એ book દ્વારા અનેકોને પ્રેરણા આપીને ગુરુ સાથે યોગ કરાવવાના ભાવ હોય, પ્રભુ સાથે યોગ કરાવવાના ભાવ હોય તો ભદ્ર પુણ્યકર્મનો બંધ થઈ જાય પરંતુ, મને બહુ સરસ બનાવતા આવડે, બીજાને આવું લખતા ન આવડે, હું જે લખું તે એવું best હોય કે લોકો વાંચતા જ રહી જાય ! આવા ભાવ હોય તો કર્મ બંધ થઈ જાય.

**એટલે કર્તવ્યમાં કોઈ કચાશ નહીં, શાસન પ્રભાવનાના કર્તવ્યમાં કોઈ કચાશ નહીં અને આત્મ કર્તવ્ય અંશમાત્ર પણ ભૂલાય નહીં તો ત્રસ દશાનું પ્રાયશ્ચિત કરવાની જરૂર રહેતી નથી.** માટે કર્તવ્ય નિભાવવાનું છે અને આત્મભાવ પણ જાળવવાનો છે.

**જેને ઈચ્છાનું મૃત્યુ કરતાં આવડે, તે શ્રી આચારાંગ સૂત્રને આત્મસાત્ કરી શકે.**
**જેને ઈચ્છાનું મૃત્યુ કરતાં ન આવડે, તેના માટે શ્રી આચારાંગ સૂત્ર માત્ર કર્ણ અને ચક્ષુનો વિષય બની રહે.**



# એક સૂત્ર – મારી આસક્તિનું શુદ્ધિકરણ

- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

## आयत चक्खु।

**શ્રી આચારાંગ સૂત્ર-અધ્યયન 2, ઉદ્દેશક 5**

એક મીઠાઈનો ટુકડો હોય એને જ્ઞાની વ્યક્તિ પણ જુએ છે અને અજ્ઞાની વ્યક્તિ પણ જુએ છે. જ્ઞાની અને અજ્ઞાની વ્યક્તિની ઓળખ કેવી રીતે થાય ?

અજ્ઞાની વ્યક્તિ મીઠાઈના ટુકડાની વર્તમાન પર્યાયને જુએ છે અને જ્ઞાની વ્યક્તિ મીઠાઈના ટુકડાની ત્રિકાળ પર્યાયને જોનારા હોય.

જ્ઞાની વ્યક્તિ જાણતા જ હોય કે આજે જે મીઠાઈનો ટુકડો છે એના પર હમણાં જ માખી બેસીને એને ખાવાની છે અને પોતાનું શરીર બનાવવાની છે, એ જ માખીના શરીરને ગરોળી ખાવાની છે અને પોતાનું શરીર બનાવવાની છે. જેને આ બધું દેખાતું હોય તેને તે મીઠાઈનો ટુકડો મીઠાઈ સ્વરૂપે દેખાતો હોય કે ગરોળી સ્વરૂપે દેખાતો હોય ? આવા જ્ઞાની આત્માઓ માટે ભગવાને શ્રી આચારાંગ સૂત્રમાં એક શબ્દ આપ્યો છે, 'आयतचक्खु'

પ્રભુ એ કહ્યું, મારો દરેક ઉપાસક 'आयतचक्खु' હોય. એટલે શું ? તે જેની પાસે જાય, જેને મળે, તેના ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળનો એ જાણકાર બની જાય.

કોઈ વસ્તુને નિહાળે, કોઈ પદાર્થને નિહાળે, કોઈ સ્થિતિને નિહાળે કે કોઈ વ્યક્તિને મળે એટલે તુરંત જ તેની અંદરમાંથી તે વસ્તુ, સ્થિતિ, પદાર્થ, કે વ્યક્તિના ત્રણે કાળના પર્યાયોનું નિરીક્ષણ થઈ જાય, અવલોકન થઈ જાય. તે પદાર્થ, વસ્તુ, સ્થિતિ કે વ્યક્તિ પ્રત્યેનાં આસક્તિ ભાવની આલોચના થઈ જાય અને અનાસક્તિનો ભાવ જાગી જાય.

**જેની પાસે આત્મદૃષ્ટિ હોય, કાંઈ પણ જોવા માત્રથી જેની આત્મદૃષ્ટિ પ્રગટવા લાગે તેને 'आयतचक्खु' કહેવાય.**

જેમ કે, એક શ્રીફળના ટુકડાઓને જોઈને અમને વિચાર આવી જાય કે, એક દિવસ એ કઠોર છાલની વચ્ચે હતું પણ આજે અલગ પડી ગયું, એવી જ રીતે એકને એક દિવસ આપણો આત્મા પણ કઠોર છાલ જેવા કર્મોથી અલગ પડી શકે એમ છે.

દરેક પદાર્થ, દરેક વસ્તુ, દરેક સ્થિતિ અને દરેક વ્યક્તિનો ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ, એનું beginning, એનો end, એનું ઉપન્નેઈવા, વિગ્મેઈવા, ધ્રુવેઈવા સમજાવા લાગે, એવી દૃષ્ટિને કહેવાય છે 'आयतचक्खु'.

પરંતુ પરમાત્માની દૃષ્ટિ જ આવી હોઈ શકે કે આપણી દૃષ્ટિ પણ એવી હોઈ શકે ?

બહારમાંથી ચહેરા પર કદાચ તે-તે સ્થિતિ અને વ્યક્તિ પ્રમાણેનો સંયોગ હોય, પરંતુ અંદરમાંથી વારંવાર આત્મદૃષ્ટિ પ્રગટતી હોય. પછી ભલે પદાર્થનું ભોજન ચાલતું હોય કે કોઈક વ્યક્તિને મળવાનું હોય પણ એમાંથી જો જ્ઞાન પ્રગટવા લાગે, તેવી દૃષ્ટિ પ્રગટવા લાગે તો ભગવાને તેને 'आयतचक्खु' કહી છે એટલે કે **આત્મચક્ષુ.**

વસ્તુ કે વ્યક્તિને મળવા પર એના ઉર્ધ્વલોક, એના અધોલોક, એના તિર્છાલોક, એના ત્રણે કાળ, એની સાથેના contact, અને એની સાથેના contract જાણી લેવાનું vision work કરવા લાગે તો તેના પ્રત્યેની આસક્તિ વધવા લાગે કે ઘટવા લાગે ? કોઈ પણ પદાર્થનો ભૂતકાળ જાણી લઈએ અથવા એનો ભવિષ્યકાળ જાણી લઈએ કે જે પદાર્થ મોઢામાં ચવાઈ ગયો છે હવે એનું ભવિષ્ય શુચિરૂપમાં હશે કે અશુચિરૂપમાં હશે ?

**જેવું ભવિષ્ય જોવાઈ જાય એટલે આસક્તિ ઘટવા લાગે.** ભગવાને અહીંયા એક શબ્દ આપ્યો, 'लोगस्स अहोभागं जाणइ'

**જે લોકો વસ્તુ કે વ્યક્તિની ત્રિકાળ પર્યાયોને જાણતા નથી તે લોકો હંમેશા તેમાં આસક્ત બને છે.** ત્રિકાળ પર્યાયને જાણનારા

કદી આસક્ત બનતાં નથી. ચાહે ખાવાનાં પદાર્થ હોય કે અન્ય, જે તેની સર્જન અને વિસર્જન બંને અવસ્થા જાણનારા છે, તે આસક્ત બનતા નથી.

પ્રભુએ કહ્યું, મારો સાધક કેવો હોય ? '**आयतचक्खु**' એટલે કે માત્ર face read કરનારો ન હોય પણ ત્રિકાળ પદાર્થને જાણવાનો પ્રયત્ન કરનારો હોય અને એવા જ '**आयतचक्खु**' હતા સુબુદ્ધિ પ્રધાન. સંસારમાં હોવા છતાં પણ પ્રભુ મહાવીર જેવી દૃષ્ટિ રાખનારા હતાં.

જેવી આંખ મહાવીરની, એવી આંખ મારી.

જેવી દૃષ્ટિ મહાવીરની, એવી દૃષ્ટિ મારી.

જેવા આત્મજ્ઞાની મહાવીર, એવા આત્મજ્ઞાની સુબુદ્ધિ પ્રધાન.

માટે જ તો રાજાને જ્યારે ગટર- ગટર સ્વરૂપે જ લાગે છે ત્યારે સુબુદ્ધિ પ્રધાનને તે શરબત સ્વરૂપે લાગે છે.

આપણે બરાબર check કરીએ, આખા દિવસમાં વ્યક્તિઓ કરતાં વધારે વસ્તુઓને મળવાનું થાય છે. જેટલી વસ્તુઓને મળવાનું થાય છે તેનાં ત્રિકાળને નથી મળતાં, તેનાં વર્તમાનને મળવાનું થાય છે. જેના કારણે liking- dislikingની feelings આવવા લાગે છે. પરંતુ જો તેના ત્રિકાળને મળવામાં આવે તો તેના પ્રત્યે સમત્વ ભાવ આવી શકે.

**ત્રિકાળ જોવાથી સમત્વ આવે અને માત્ર વર્તમાનકાળ જોવાથી રાગ-દ્વેષ થાય.** આવું શા માટે ? ત્રિકાળ જોવાથી વિકલ્પ ન આવે અને એક કાળ જોવાથી વિકલ્પ આવે આવું શા માટે ?

જે ત્રિકાળ જુએ છે, તે જાણે જ છે કે, અસંખ્યકાળ પહેલાં આ પરમાણુનું સંયોજન હતું જ નહીં. દરેકેદરેક પરમાણુઓ સ્વતંત્ર પરમાણુરૂપમાં જ હતાં, ન સ્કંધ હતો, ન દેશ હતો, ન પ્રદેશ હતાં. પરમાણુરૂપમાં શબ્દ, રૂપ, વર્ણ, ગંધ અને રસ અલગ હોય અને ભવિષ્યની પર્યાયને જોવામાં આવે તો એનાં શબ્દ, રૂપ, વર્ણ, ગંધ અને રસ અલગ હોય. ત્રિકાળને જુએ એને ખબર જ હોય કે આ ગરોળીનું શરીર છે પણ ગઈકાલે તો એ પરમાત્માનું શરીર હતું.

આજે ગરોળીનું શરીર હોઈ શકે, એ જ ભૂતકાળમાં પરમાત્માનું શરીર હોઈ શકે. પરમાત્માનાં શરીરનાં કોઈ special પરમાણુઓ હોતાં જ નથી. જે આજે શ્રેષ્ઠ શરીર હોય તે આવતીકાલે સામાન્ય શરીર બની શકે. આજનું સામાન્ય શરીર આવતીકાલનું શ્રેષ્ઠ શરીર હોઈ શકે. આ છે ત્રિકાળ દર્શન જેને '**आयतचक्खु**' કહેવાય છે.

ઘણીવાર એવું બનતું હોય, કોઈક નવી વ્યક્તિને મળવા પર, બીજી વ્યક્તિ જે એને પહેલેથી મળેલી હોય તે આવીને કહી જાય, એ તો આવા છે, એનું ધ્યાન રાખજો, એ તો આમ છે. એટલે મનમાં શું વિચાર આવે ? અચ્છા, એ તો આવા હશે.

જેમનું ચારિત્ર નિર્મળ ન હોય એમનું મતિજ્ઞાન નિર્મળ ન હોય. **જેમનું ચારિત્ર નિર્મળ હોય એની મતિ નિર્મળ હોય, હોય અને હોય જ. એનો અર્થ એ થયો કે ચારિત્રમાં જો નિર્મળતા હોય તો 3rd eye હોય, હોય અને હોય.**

**સિંહ એ જ છે,**
**એના દાંત પણ એના એ જ છે,**
**પણ હરણને તે વાગે છે**
**અને સિંહના બચ્ચાને તે વહાલા લાગે છે.**
**જવાબદાર સિંહ નથી પણ હરણ અને**
**સિંહના બાળના તે પ્રકારના કર્મોનો ઉદય છે.**
**માટે જ, કોઇને ગુણવાન કે**
**ગુનેગારનું Lable આપતાં પહેલાં**
**લાખવાર વિચારવું.**


**"JAIN KRANTI"**

Statement about ownership and other particulars about the monthly "JAIN KRANTI" to be published in the first issue every year after last day of March.

FORM IV (See Rules 8)

1. Place of Publication : Mumbai
2. Periodicity of its Publication : Monthly
3. Printer's Name : Arihant Printing
   Add. Ghatkopar (E), Mumbai.
   Nationality : Indian
4. Publisher's Name : Shree Deepakbhai Bhayani
   Nationality : Indian
   Add. 202, Satellite Building, Opp. Mistry Complex, J.B. Nagar, Andheri (E), Mumbai - 400099.
5. Editor's Name : Shree Deepakbhai Bhayani
   Nationality : Indian
   Add. 202, Satellite Building, Opp. Mistry Complex, J.B. Nagar, Andheri (E), Mumbai - 400099.
6. Name and add. of individuals Who the monthly (and partners of share holders holding more then one per cent of total capital : Shree Deepakbhai Bhayani 202, Satellite Building, Opp. Mistry Complex, J.B. Nagar, Andheri (E), Mumbai - 400099.

I Deepak Bhayani hereby declare that the particulars given above are true to trust of my knowledge and belief.

Dt. June - 2022
Deepak Bhayani (Publisher)



# એક સૂત્ર
# મારા આંસુનું શુદ્ધિકરણ

- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

## अपरिण्णाए कंदइ।

### શ્રી આચારાંગ સૂત્ર-અધ્યયન 2, ઉદ્દેશક 5

પત્તાનો બનાવેલો મહેલ. એને તૂટતો જોઈને બાળકને રડવું આવે કે બાળકના fatherને રડવું આવે ?

બાળકને રડવું આવે. શા માટે ? યાદ રાખવું, **જેને કંઈ ખબર હોતી નથી એને જ છેલ્લે રડવાનો વારો આવે છે. રડવું એને જ પડે છે, જે અજ્ઞાની હોય છે.** સમજદારને, જ્ઞાનીને ક્યારેય રડવું પડતું નથી. જેની સમજમાં કચાશ છે, જેના જ્ઞાનમાં કચાશ છે એને જ રડવું પડે છે.

ભગવાને એક શબ્દ આપ્યો છે,

'अपरिण्णाए कंदइ'

જે પરિજ્ઞાત નથી, હવે શું થશે ? એનો જેને ખ્યાલ નથી એવી વ્યક્તિ હંમેશા આશ્ચર્ય અને આઘાત અનુભવતી હોય છે. ઘણીવાર લોકો આશ્ચર્યના કારણે રડવા લાગે, અને ઘણીવાર આઘાતના કારણે રડતાં હોય છે.

ભગવાને કહ્યું, 'अपरिण्णाए कंदइ' - જે અજ્ઞાની છે, જેને ખબર નથી હોતી એ જ રડતા હોય છે. જગતની વાસ્તવિકતાઓની જેને ખબર હોય છે તે કદી રડતા નથી.

જેને ખબર જ હોય કે, આની bodyમાં cancer છે, હવે એની પાસે વધારે સમય નથી, તો તે prepared રહે કે ન રહે ?

Prepared રહે.

જે Prepared હોય એને રડવું આવે કે Prepared ન હોય એને રડવું આવે ? જેને ખબર જ હોય કે આવતા વર્ષે મારે અહીંયા જવાનું છે, આમ કરવાનું છે એને રડવું આવે કે જેને ખબર જ ન હોય અને અચાનક જવું પડે એને રડવું આવે ?

જેને ખબર જ હોય કે આ માટીનું માટલું છે અને એક દિવસ ફૂટવાનું જ છે. એટલે માટલું તૂટી પણ જાય તો એને બહુ અસર ન કરે. પણ જેને એમ હોય કે આ તો એકદમ સરસ માટલું છે, નવું જ આવેલું છે, એને કંઈ નહીં થાય અને પછી એ માટલું ફૂટી જાય તો શું થાય ? એના મનને અસર થઈ જાય.

એટલે રડે કોણ ? જ્ઞાની કે અજ્ઞાની ?

**એટલે જ્યારે જ્યારે આપણી આંખમાંથી આંસુ આવે ત્યારે ત્યારે આપણી selfને એક label આપી દેવાનું. શેનું label? અજ્ઞાનીનું label.**

રડે છે હંમેશા અજ્ઞાની, જ્ઞાની કદી ન રડે.

જ્ઞાનીના અંદરમાં જેટલું અજ્ઞાન પડેલું હોય એટલા જ એને આંસુ આવે. **જેટલું અજ્ઞાન ઓછું, એટલા આંસુ પણ ઓછા હોય.**

જ્ઞાની ક્યારેય ન રડે, અને રડે તો બીજાના દુ:ખથી રડે. પોતાના દુ:ખ પર ક્યારેય ન રડે.

એટલે જ્યારે પણ આપણને કોઈ દુ:ખ, કોઈ તકલીફ, કોઈ વેદના આવે, મનનું ધાર્યું ન થાય, ઇચ્છા પ્રમાણે ન થાય, અને આંસુ આવે ત્યારે ત્યારે એક label બનાવીને પોતાને લગાવી દેવાનું...

'अपरिण्णाए कंदइ' આ શબ્દ ઘૂંટાઈ જવો જોઈએ. જે अपरिण्णाए હોય એને જ રડવું આવે છે. ભગવાને કહ્યું, જ્યાં સુધી અજ્ઞાન છે ત્યાં સુધી આંસુ આવે, અજ્ઞાન જેવું ઓછું થાય એટલે અંદરમાંથી વેદના પણ ઓછી થતી જાય.

ભગવાને આપણને બહુ મજાનું સૂત્ર આપ્યું છે, 'अपरिण्णाए कंदइ' **જે અપરિજ્ઞાત છે એ જ કંદે એટલે કે રડતું હોય છે.**

આખા દિવસમાં રડવું આવે કેટલી વાર ?

એકવાર કે વધારે વાર ? રડવા પર analysis કરીએ તો ખબર પડે કે ગઈકાલે જેના માટે રડ્યાં હતાં એમાં એવું હતું તો કંઈ નહીં, પણ કોને ખબર ત્યારે મન પર એટલી બધી અસર થઈ ગઈ કે રડવાનું વધારે થઈ ગયું હતું. પણ જેવી અસર ઓછી થઈ ગઈ એટલે રડવાનું ઓછું થઈ ગયું.

એટલે જ્ઞાનીનું આ સૂત્ર આપણને બોધ આપી રહ્યું છે કે, **જ્યારે જ્યારે મારી આંખમાં આંસુ આવે છે ત્યારે ત્યારે મને અજ્ઞાનની label મળે છે, ત્યારે ત્યારે મારી અજ્ઞાનતાનું દર્શન થઇ રહ્યું છે.**

હવે રણમાં પણ ખીલશે વસંત...

ભક્તિ-ભાવનાની વસંત,

ધર્મ ભાવનાની વસંત,

સેવા - સમર્પણતાની વસંત,

રાષ્ટ્રસંત જ્યાં-જ્યાં...

ધર્મની વસંત ત્યાં-ત્યાં...

પધારો પધારો પરમ ગુરુદેવ

કચ્છની ધરા આવકારી રહી !

- શ્રી ગુરુભક્ત મોતા પરિવાર, કચ્છ - તેરા, મુંબઇ - અંધેરી



# એક સૂત્ર – મારા હર્ષ અને શોકનું શુદ્ધિકરણ




- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

## तम्हा पंडिए णो हरिसे, णो कुज्झे ।

**શ્રી આચારાંગ સૂત્ર-અધ્યયન 2, ઉદ્દેશક 3**

કોઈક દાતણ વેંચનાર હોય, કોઈક road પર સાફ-સફાઈ કરનાર હોય, કોઈક અશુચિ-ગંદકી સાફ કરનાર હોય. એ બધાંને જોઈને શું વિચાર આવે ? ઠીક છે, એ લોકોને જરૂર હોય એટલે એવું કામ કરે છે.

પરંતુ ભગવાન કહે છે, આજની દાતણવાળીની જેમ તમે પણ ભૂતકાળમાં દાતણ વેંચવા નીકળ્યાં હતાં અને તમારા એક પણ દાતણ વેંચાયા ન હોવાથી તમે રડ્યાં હતાં ! આવું એક-બે વાર નહીં, પાંચ-પચાસ વાર નહીં, સો-હજાર વાર નહીં, લાખ-કરોડ વાર નહીં પરંતુ અનંતવાર બની ગયું છે !

તમે દાતણ વેંચી રહ્યાં હોવ તો કેવા લાગો ? કલ્પના કરી જુઓ.

આજે કદાચ આવી કલ્પના પણ નથી કરી શકતાં પરંતુ ભગવાન કહે છે, 'असइं' લાખો વાર, કરોડો વાર આ જીવે સામાન્ય તરીકે જન્મ લીધો છે અને કરોડો-કરોડો વાર જીવે શ્રેષ્ઠ તરીકે જન્મ લીધો છે.

એટલે જ, આજના તારા રૂપનો, તારા સ્થાનનો, તારા status-levelનો, તારા પદ-પ્રતિષ્ઠાનો કે કોઈપણ પ્રકારનો અહંકાર કરવા જેવો નથી.

ભગવાને કહ્યું છે, તમે શું ઊંચું-નીચું માની રહ્યાં છો ! તમે કોના પર રિઝી ગયાં છો ! કોઈનું રૂપ જોઈને, કોઈનું સ્થાન જોઈને તમે બહુ રિઝી ગયાં છો ! પરંતુ આ જગતમાં કોઈના રૂપની કોઈ monopoly નથી, કોઈના સ્થાનની કોઈ monopoly નથી. જે આજે આ સ્થાન પર છે તે આવતીકાલે કોઈ બીજા સ્થાન પર હશે.

**तम्हा** - એટલા માટે **पंडिए** - પંડિત પુરુષ, જ્ઞાની પુરુષ, સમજદાર પુરુષ **णो हरिसे** - બહુ હર્ષિત ન થઈ જાય, બહુ ખુશ ન થઈ જાય, પોતાની પાસે જે કાંઈપણ હોય તેના અહંકારમાં ન આવી જાય. **णो कुज्झे** - અને ન તે પોતાની selfને ક્યારેય કુષિત બનાવે કે મને તો કાંઈ આવડતું જ નથી, હું તો આમ ન કરી શકું ! આવી રીતે પોતાની selfને કુષિત ન બનાવે.

એટલે શું ? આપણે ક્યાંય ખુશ થવા જેવું પણ નથી અને ક્યાંય ગમ કરવા જેવો પણ નથી. No ખુશી No ગમ. **સંસારીને કેવું હોય ? कभी खुशी कभी गम. પણ સાધકને ન ખુશી ન ગમ.** કાંઈક આવડી જાય તો પણ વાંધો નહીં અને ન આવડે તો પણ no problem, કોઈક બોલાવે તો પણ ભલે, કોઈક ન બોલાવે તો પણ ભલે. માધ્યસ્થ ભાવમાં રહેવાનું છે 'णो हरिसे, णो कुज्झे ।'

પોતાની પાસે રહેલું જે કાંઈપણ છે એનો અહંકાર આવે છે શેમાંથી ? જ્ઞાનમાંથી કે અજ્ઞાનમાંથી ? **જગતનો કોઈ પણ અહંકાર ક્યારેય જ્ઞાનમાંથી ન આવે. તમામ અહંકાર અજ્ઞાનમાંથી આવે.**

એક વાત હંમેશા યાદ રાખવી, આપણી કોઈપણ art આપણી સાથે permanent રહેવાની નથી અને આપણી સાથે art કરતાં પણ કોઈકની પાસે super art આ જગતમાં હોઈ શકે છે.

શું કહે છે ભગવાન, લાખો વાર શ્રેષ્ઠતાની પ્રાપ્તિ થઈ છે અને લાખો વાર સામાન્યતાની પ્રાપ્તિ થઈ છે.

પરંતુ એવું કેમ બનતું હશે કે જેની પાસે બધી જ આવડત હોય તે એકદમ સામાન્ય બની જાય અને એકદમ સામાન્ય વ્યક્તિ શ્રેષ્ઠ બની જાય ? જેને તમારા માટે બહુ લાગણી હોય એને બિલકુલ લાગણી ન રહે અને જેને તમારા માટે જરાક પણ લાગણી ન હોય એને તમારા માટે બહુ લાગણી થઈ જાય. આવું કેમ થાય ? ભગવાન કહે છે કે, બધી કર્મોની કરામત છે.

**જ્યાં સુધી તમારા good luck છે, જ્યાં સુધી તમારા ઉચ્ચ ગોત્રકર્મ કામ કરી રહ્યાં છે**

**ત્યાં સુધી જ એને તમારા માટે લાગણી રહેશે. એટલે લાગણીનો પણ ક્યારેય અહંકાર કરવા જેવો નથી.**

લાગણી ક્યાં કર્મના કારણે મળે ?

કોઈની પણ લાગણી મળતી હોય તો ઉચ્ચ ગોત્ર-પુણ્ય કર્મના કારણે મળતી હોય. પણ જેવો નીચ ગોત્ર કર્મનો ઉદય start થાય એટલે લાગણી આપવાવાળી વ્યક્તિ આખીને આખી બદલાઈ જાય. **આપણને એમ થાય માણસ બદલાઈ ગયો. જ્યારે કે, માણસ નથી બદલાતો પણ આપણા કર્મ બદલાઈ જતાં હોય છે.** એટલે જ્યારે પણ કોઈની લાગણી ઘટી જાય, ત્યારે સામેવાળાને blame ન કરવું. પણ યાદ રાખવું, આપણા ઉચ્ચ ગોત્રકર્મો ઘટી ગયાં છે.

કર્મોની કરામત સમજાવતાં આગળ ભગવાન કહે છે, જે લોકો બીજા જીવોની શાતાની પરવા કરતાં નથી તે લોકો ભવિષ્યમાં 'अंधत्तं, बहिरत्तं, मूयत्तं' બની જાય છે. એટલે કે તે અંધ, બહેરા, મૂંગા, રોગગ્રસ્ત બની જાય છે.

જીવનમાં આવતી કોઈપણ પરિસ્થિતિ કર્મના કારણે આવતી હોય છે. **બીજાને અશાતા આપનારા પોતે ક્યારેય શાતા પામી શકતાં નથી અને બીજાને શાતા આપનારને કદી અશાતા આવી શકતી નથી.** એટલે રોજ કોઈને ને કોઈને શાતા આપવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમ-જેમ શાતા આપીએ એમ-એમ શાતા મળતી જાય છે. બીજાને અશાતા આપનારને કેટલાંય પ્રકારના દુ:ખો, કેટલાંય રોગોની સાથે કેટલાંય જન્મ-મરણ કરવા પડે છે.

આવા જન્મ-મરણના દુ:ખોથી જગતના જીવોને બચાવવા ભગવાન કેટલું બધું સમજાવે છે તેમ છતાં 'अबुज्झमाणे।'

સંસારી જીવો માટે ભગવાને આ શબ્દ કહ્યો છે, 'अबुज्झमाणे' એટલે શું ?

કેટલાંક લોકોને સત્યનો ગમે એટલો બોધ આપવા છતાં તેઓ એ બોધને ગ્રહણ કરી શકતાં નથી, તેઓ સંસારને છોડી શકતાં નથી, તે બીજા જીવોને અશાતા આપવાનું છોડી શકતાં નથી, આ સંસારના મોહનો ત્યાગ કરી શકતાં નથી.

શા માટે ?

કેમ કે, ભગવાને કહ્યું, તેમનો મોહનીય કર્મ બહુ strong હોય છે. મોહનીય કર્મ જેમનો strong હોય, એમને બોધ સાંભળવો ગમે પણ તે બોધનું આચરણ કરવું ન ગમે. કદાચ આચરણ કરવાનું મન પણ થાય તેમ છતાં આચરણ કરી ન શકે મોહનીય કર્મના કારણે.

अबुज्झमाणे हतोवहते।

ભગવાને કહ્યું, તેઓ બોધ પામતાં નથી એટલે સંસારમાં રહીને કોઈને કોઈ જીવની હિંસા કરે છે, દુ:ખી કરે છે, હેરાન કરે છે, તકલીફ આપે છે અને છેલ્લે પોતે 'जाइं-मरणं अणुपरियट्टमाणे' જન્મ-મરણના ચક્રની યાત્રામાં ખોવાઈ જાય છે.

જેને પોતાના futureની ચિંતા થવા લાગે તે સંસારમાં રહી જ ન શકે. પણ કેટલાંક લોકો કેટલાંય પ્રકારના બહાના આપતાં હોય કે હજી તો ઘરની આ responsibility પૂરી કરવાની છે, તે responsibility પૂરી કરવાની છે. પરંતુ ભગવાન કહે છે, તું સંસારમાં રહીને દરરોજ કેટલાંય જીવોની કતલ કરતો રહીશ. જીવ માટે પોતાની આત્મ responsibilityથી વધુ મહત્ત્વનું બીજું કાંઈ હોતું જ નથી.

કોઈ doggyને તમે સમજાવવા જાઓ કે, સંસાર છોડવા જેવો છે, રાગ રાખવા જેવો નથી તો એને સમજાશે ? નહીં સમજાય. એની પાસે કોઈ એની care કરવાવાળું ન હોય, કોઈ વાતો કરવાવાળું ન હોય તેમ છતાં આ દશામાં એને રહેવું પડતું હોય કે ન રહેવું પડતું હોય ? રહેવું પડતું હોય. તો ભગવાન કહે છે, હે જીવ ! આવી દશામાં તારે પરાણે આ સંસારમાં અનંતકાળ વીતાવવો પડશે, એના કરતાં સ્વવશ બનીને પુરુષાર્થ કરીને તારું આત્મકલ્યાણ કરી લે ! ફરીને તને આવું સમજાવનારા ક્યારે, કયા ભવમાં મળશે તે નક્કી નથી અને તું ક્યારે આવું સમજીશ તે નક્કી નથી. આ ભવમાં તને આ chance મળ્યો છે તું બોધને પામી લે.

એમ કરતાં-કરતાં 84 લાખ જીવાયોનિના ચક્રને પસાર કરતાં-કરતાં ભગવાને કહ્યું કે, દરેક અવસ્થામાં અસંખ્ય-અસંખ્ય ભવ થાય ત્યારે છેલ્લે મનુષ્ય ભવની એક મિનિટ મળતી હોય છે.

આવી તો કેટલી મિનિટો તમે time pass કરવામાં, બીજામાં, ત્રીજામાં વીતાવી રહ્યાં છો ! શ્રેષ્ઠ, ઉત્તમમાં ઉત્તમ મનુષ્યનો ભવ મેળવ્યાં પછી પણ સંબંધો-સ્વજનોના રમકડાંમાં જીવન વીતાવી રહ્યાં છો.

**સાધક એ હોય જે પરિસ્થિતિના કારણે કદાચ સંસારમાં હોય પણ એને સંસારમાં રહેવું પડતું હોય એટલે રહેતાં હોય.** જેને સંસારની દરેક ક્ષણમાં અફસોસ હોય, જેને પ્રભુને પામવાની, પ્રભુ ચરણને પામવાની, પ્રભુ જેવું આચરણ પામવાની સતત અને સતત ઝંખના હોય તે જ સાધક હોય !



સર્જાશે ઈતિહાસ
એક નવો
દિવ્યતા,
ભવ્યતા અને
આધ્યાત્મિકતાનો...

હવે જલ્દી પધારો
હે ગુરુદેવ!
રાહ જોઈ રહ્યું કચ્છ!

- શ્રી રુપેશભાઈ પ્રભુલાલ ફોફરીયા,
ભુજપર - કચ્છ

ખમીરવંતી ધરા **કચ્છ**ની અને ખંતીલા **કચ્છી** માડુ

## અંતર અહોભાવથી કરીએ વધામણી
## કે વહેલાં પધારો, કરશો ન હવે મોડું

# પધારો ગુરુદેવ, પધારો પધારો!

- ગુરુભક્ત શ્રી દેઢિયા પરિવાર, કચ્છ - મેરાઉ

# એક સૂત્ર – મારી હિંસાનું શુદ્ધિકરણ

- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

## एस खलु गंथे, एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए।

**શ્રી આચારાંગ સૂત્ર-અધ્યયન 1, ઉદ્દેશક 5**



એક ગરોળીને મચ્છર ખાતાં જોઈને આપણને મનમાં થાય કે આ ગરોળી આવું કઈ રીતે કરી શકતી હશે? કોઈક વ્યક્તિ અન્ય વ્યક્તિની કતલ કરતી હોય ત્યારે આપણને મનમાં એમ થાય કે, કોઈનું ખૂન કરવા જેવું કાર્ય કેવી રીતે કોઈ કરી શકતું હશે ?

હિંસક લોકો જ્યારે ડુક્કરને જીવતે જીવ ગરમ પાણીમાં ઉકાળતાં હશે ત્યારે આપણને એમ થાય કે આવું કરતાં આ લોકોને અંદરમાં કાંઈ નહીં થતું હોય ?

પરંતુ ભગવાન કહે છે, ગરોળી બનીને મચ્છર ખાવાનું પાપ, ખૂની બનીને કતલ કરવાનું પાપ કે ક્રૂર બનીને અનેક જીવોને મારવાનું પાપ તારા આત્માએ પણ ભૂતકાળમાં એક વાર નહીં, બે વાર નહીં, પાંચ કે પચીસ વાર નહીં પણ અનંતવાર કર્યું છે !

આ જગતનું એક પણ પાપ તારા માટે નવું નથી કે નથી મારા માટે નવું. આ જગતનું એક પણ પાપ એવું નથી જે તારા કે મારા આત્માએ નથી કર્યું. એક પણ પાપ નવું નથી હોતું કેમ કે, પાપની પરંપરા ચાલતી હોય છે.

ભગવાને એના માટે એક સૂત્ર આપ્યું છે... **'एस खलु गंथे , एस खलु मोहे, एस खलु मारे, एस खलु णरए।'** - **ગંથે** એટલે ગાંઠ. ગાંઠ શબ્દની વ્યાખ્યા શું? ગાંઠની વ્યાખ્યા છે પરંપરા. ગાંઠ શબ્દનો અર્થ થાય છે પરંપરા. **જ્યારે પણ કોઈક એક હિંસા તમે કરો છો ત્યારે યાદ રાખજો કે તમે હિંસાની -પાપની પરંપરાનું સર્જન કરી રહ્યાં છો. પછી તે દ્રવ્ય હિંસા હોય કે ભાવ હિંસા !**

માનો કે, તમારી આસપાસની વસ્તુઓને જો તમે ફેંકો છો, કોઇ જરૂર વગરનાં કાગળને જો તમે discard કરો છો તો no problem, પણ કાગળને પણ જો તમે જોરથી ફાડો છો તો ભગવાન કહે છે, કોઈ એક વ્યક્તિ ગાયની કતલ કરે અને એમાં જેટલું પાપ લાગે એટલું જ પાપ જોરથી કાગળ ફાડવામાં, કપડાં ધોતી વખતે જોર-જોરથી ધોકા મારવામાં કે કોઈપણ વસ્તુને જોરથી ફેંકવામાં લાગતું હોય છે.

પ્રભુએ કહ્યું છે, **જીવ સાથે પણ જીવ જેવો વ્યવહાર અને જડ સાથે પણ જીવ જેવો વ્યવહાર કરવો જોઈએ. કેમ કે, જીવ ક્રિયા અને અજીવ ક્રિયા બંનેથી લાગતું પાપ સરખું બની જાય છે.**

જડ સાથે જડ જેવો વ્યવહાર એટલે હિંસા કહેવાય. ભાવથી હિંસા થાય છે એટલે **'एस खलु गंथे'** પરંપરા સર્જાઈ જાય. ભાવ ઉદયમાં આવે, ઉદયમાં આવે એટલે ફરીને હિંસા થાય એટલે મેળવણમાંથી દહીં, દહીંમાંથી છાશ, છાશમાંથી પાછું મેળવણ અને મેળવણમાંથી ફરીને દહીં...એટલે કોઈપણ પાપ આ જગતનું એવું નથી જે પરંપરા વગર નવું થતું હોય. માટે જ્યારે પણ કોઈ વ્યક્તિને પાપ કરતાં જોઈએ તો એના માટે negative ન બનવું જોઈએ કે આ વ્યક્તિ કેટલી ખરાબ છે! તે પણ તેના ઉદય પ્રમાણે કરી રહી છે.

ગંથે શબ્દ દર્શાવે છે કે, પાપની પરંપરા ચાલુ હોય છે. તો માત્ર પાપ છોડવા જેવું છે ? કે પછી પાપની પરંપરા છોડવા જેવી છે? **આજે પાપ છૂટી જાય એટલા માત્રથી લાભ ન હોય કેમ કે, હજી પરંપરા છૂટી નથી. જે દિવસે પરંપરા છૂટી જાય એ દિવસે પાપ પણ છૂટી જાય છે.**

ભગવાને બે શબ્દ આપ્યાં છે, નિર્જરા અને વ્યવદાન. આ બંને શબ્દના અર્થમાં ફરક છે, પાપની પરંપરા જ છૂટી જાય એને વ્યવદાન કહેવાય. અત્યારના સમય પૂરતું પાપ છૂટે તે

નિર્જરા, ફરીને પાપ Start થઈ જાય. આજે પાણીપુરી ન ખાય, આવતીકાલે ફરીને પાણીપુરી ખાવાનું Start થઈ જાય. આજે ઉપવાસ હોવાથી કાંઇ ન ખાય, કાલે પાછું Start થઈ જાય તે નિર્જરા, પણ કાયમ માટે છૂટી જાય તે વ્યવદાન હોય. માટે ભગવાને કહ્યું છે પાપ છોડવા કરતાં પણ પાપની ગાંઠ - પરંપરા છોડવા જેવી છે. 'एस खलु गंथे, एस खलु मोहे' એક પણ પાપ મોહ વિના ન થઈ શકે.

**આત્મા ભૂલાય તો જ પાપ થાય, આત્મા યાદ હોય તો પાપ ન થાય.** મોહિત બનીને, ભ્રમિત બનીને, પોતાના આત્મસ્વરૂપને ભૂલીને પર સ્વરૂપમાં ભળવાનું થાય એટલે પાપની પ્રવૃત્તિ શરૂ થઈ જાય. પણ **જેના મોહનો નાશ થઈ ગયો એના પાપનો નાશ થઈ ગયો.**

મોહ એટલે શું ? જેમાં આત્મભ્રમણા થવા લાગે. **હું જે નથી, તે હું છું એવી ભ્રમણાને આત્મ ભ્રમણા કહેવાય છે.**

પોતાને ભૂલે તે જ પાપ કરી શકે.

'एस खलु मारे' - માર - માર એટલે શું ? દંડને માર કહેવામાં આવે છે. જ્યારે પણ આપણાં તરફથી કોઈપણ જીવની હિંસા થાય છે ત્યારે યાદ રાખવું કે આપણે દંડ ઉભો કરી રહ્યાં છીએ.

દંડ એટલે શું ? કોઈને કોઈ પ્રકારે ભવિષ્યમાં આપણને પીડા આવે તેને દંડ કહેવાય છે. એક પણ જીવની હિંસા કરનારો વ્યક્તિ ભવિષ્યમાં દંડાયા વગર રહેતો નથી એટલે ભગવાને કહ્યું 'एस खलु मारे'

'एस खलु णरए' અને આને જ ભગવાને નરક કહ્યું છે. પરંતુ આ બધાં સાથે ભગવાને હજી એક સૂત્ર આપ્યું છે, 'इच्चत्थं गढिए लोए।'

ભગવાન કહે છે, જ્યારે-જ્યારે પાપ બંધાય છે એ સમયે પણ નિકાચિત કર્મનો બંધ ક્યારે થાય છે ? જ્યારે પાપ કરતી વખતે તે વ્યક્તિ તેમાં આસક્ત થાય છે ત્યારે. ભગવાને એક બહુ મોટું secret આપ્યું છે, તમે સંસારમાં છો, યોગની વચ્ચે છો. મન-વચન-કાયાના યોગને સંસાર કહેવાય. એટલે સંસારમાં પાપ થવાના જ છે, હિંસા થવાની જ છે. પણ એ પાપમાં જે આસક્ત થાય છે એની માટે માર હોય છે, નરક હોય છે, મોહ હોય છે. પાપમાં જે આસક્ત થતાં નથી એના માટે **ગંથે, મોહે, મારે કે નરએ** આ ચારમાંથી એકપણ સૂત્ર લાગુ નથી પડતું. આ એક જબરદસ્ત secret છે.

તીર્થંકર કેવળી ભગવાન જ્યાંથી વિહાર કરવાના હોય અને જ્યાં પગ મૂકવાના હોય અને બરાબર એ જ સમયે હવાના કારણે કોઈક કૂકડાનું બચ્ચું અચાનક ભગવાનના પગ નીચે આવી જાય અને મરી જાય તો ભગવાનને પાપ લાગે કે ન લાગે ? ન લાગે. કેમ ન લાગે ? તો ભગવાને અહિંયા 'इच्चत्थं गढिए लोए' શબ્દનો પ્રયોગ કર્યો છે.

જે મારવાની પાછળ મારવાની વૃત્તિ હોય, મોહની વૃત્તિ હોય, અજ્ઞાન વૃત્તિ હોય, પ્રમાદ વૃત્તિ હોય, ઉપેક્ષા વૃત્તિ હોય તો જ તેનું પાપ લાગતું હોય છે. તમે પૂર્ણ જાગૃત્તિ રાખીને કાર્ય કરી રહ્યાં છો અને અચાનક કોઈ જીવ મરી જાય છે તો ભગવાન કહે છે તમને હિંસાનું પાપ અલ્પ માત્રામાં લાગે છે.

એટલે કે, જીવ મરે છે એનું પાપ લાગે છે કે જાગૃત્તિ મરે છે એનું પાપ લાગે છે ? **જીવ મરે છે એનું પાપ અલ્પ માત્રામાં લાગે છે પણ જાગૃતિ નથી, માટે જીવ મરે છે તેનું પાપ વધારે લાગે છે.** આ એક બહુ સમજવા જેવી વાત છે. કોઈપણ જીવને કોઈ જીવ કદી મારી શકતાં નથી. કોઈપણ જીવ પોતાની જાગૃત્તિને મારે, પોતાની alertnessને, અંદરની સાવધાનીને મારે ત્યારે જ એનાથી જીવ હિંસા થતી હોય છે.

એટલે ભગવાને મહત્ત્વ શેનું બતાવ્યું ? અહિંસાનું ? કે અપ્રમત્ત દશાનું ? એટલે ભગવાને જાગૃતિને અહિંસા અને પ્રમાદને હિંસા કહી છે. તો જાગૃત રહેવાનું છે કે સુઇ જવાનું છે ?

સંયમની વ્યાખ્યા શું ? 'सुत्ता अमुणी, मुणिणो सया जागरंति।' મુનિ હોય તે સદા જાગૃત હોય અને જે જાગૃત ન હોય, તે મુનિ ન હોય.

**મારાથી કોઈ જીવ મરી ન જાય, મારાથી કોઈ હેરાન ન થાય, મારાથી કોઈ દુઃખી ન થાય, આવી સાવધાનીનો મંત્ર જેની પાસે છે એ જ સાધક છે.**

યાદ રાખવાનું, કોઈકને વેદના જ્યારે આપીએ છીએ ત્યારે આપણે પોતાને જ વેદના આપીએ છીએ. પ્રભુનો સાધક એ હોય જે ક્યારેય કોઈને વેદના ન આપે.

જેટલાં પાપથી બચી શકાય, જેટલાં કોઈને તકલીફ આપવાથી બચી શકાય એટલું બચવું પડશે. આ ભવમાં નિષ્ફિકર થઈને નથી રહેવાનું. **જે નિષ્ફિકર છે એના માટે નરક તૈયાર હોય છે. સંસારમાં હોય, પાપ કરવું પડતું હોય અને એની ફિકર હોય તે કદી નરકમાં જતાં નથી.**

ભગવાને કહ્યું છે, જે બીજાને દુઃખ આપે એની દુર્ગતિ થયાં વિના ન રહે. દુઃખ અને દુર્ગતિને સંબંધ હોય. બીજાને દુઃખ આપીને પોતાને સદ્‌ગતિ મળી જાય તે impossible છે. જેના અંતરમાં સર્વ જીવ માટે 'મમ જીવ સમ્' નો ભાવ હોય તે ક્યારેય કોઈને વેદના આપતાં નથી.



# એક સૂત્ર
# મારી માયા-કપટનું શુદ્ધિકરણ

- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

**अणगारे उज्जुकडे णियागपडिवण्णे**
**अमायं कुव्वमाणे वियाहिए।।**

**શ્રી આચારાંગ સૂત્ર-અધ્યયન 1, ઉદ્દેશક 3**

**એક હોય આગ અને એક હોય gas. બંનેમાંથી વધારે ખતરનાક શું ?**

આગ Visible છે એને બુઝાવી શકાય પરંતુ gas invisible છે. Gas ફેલાય ત્યારે ખબર જ ન પડે પણ એક નાનકડો તણખો પણ મળે તો જબરદસ્ત blast થઇ જાય.

આગ સમાન હોય છે ક્રોધ અને ego. કોઇ વ્યક્તિ ક્રોધ કરે કે ego કરે તો તરત દેખાઇ આવે પણ માયા તે gas જેવી છે. આપણી સાથે કોઇક વ્યક્તિ માયા કરે તો તરત ખબર જ ન પડે. એટલે ક્રોધ અને અહંકારના અવગુણ કરતાં પણ વધારે ખતરનાક અવગુણ હોય તો તે છે માયા. કેમ કે, આગને બુઝાવી શકાય પણ gas ગમે એટલો ફેલાયો હોય તો એને દૂર ન કરી શકીએ.

એટલે પરમાત્માએ સાધુ માટે એક વ્યાખ્યા આપી છે, 'अमायं कुव्वमाणे'. સાધુ ક્યારેય કપટી ન હોય. સાધુ ક્યારેય માયા-કપટ ન કરતો હોય. એકની પાસે આમ બોલે અને બીજાની પાસે આમ બોલે, કોઇની પાસે કામ કઢાવવા મીઠું બોલે, કામ કઢાવવા પૂરતો વ્યવહાર રાખે... સાધુ કદી એવો ન હોય. કામ કઢાવવા માટે મીઠું મીઠું બોલવું એને છલ-કપટ કહેવાય. સાધુ ક્યારેય છલી ન હોય, સાધુ ક્યારેય કપટી ન હોય. સાધુ હંમેશા અકપટ-અમાયા રાખનારો હોય. તે ક્યારેય દંભ ન કરે, તે દંભી ન હોય. સાધુ હંમેશા transparency રાખનારો હોય.

કદાચ સાધુથી કોઇ ભૂલ પણ થતી હોય તો પોતાની ભૂલને open કરી નાંખે. કદાચ કોઇક પાપ કરતો હોય તો પાપને open કરી નાંખે. પરંતુ ક્યારેય માયા-કપટ કરીને પોતાની ભૂલને છૂપાવનારો ન હોય. સાધુના ચહેરા પર ક્યારેય મહોરું ન હોય. જેના ચહેરા પર મહોરું હોય તે કદી સાધુ ન હોય. એટલે સાધુની વ્યાખ્યા, अमायं कुव्वमाणे- સાધુ ક્યારેય માયા-કપટ કરનારો ન હોય. ભૂલ તો ભૂલ, ઉણપ તો ઉણપ, જે હોય તેવી transparency હોય.

ભગવાન કહે છે, જેટલી તમારી ક્ષમતા હોય, જેટલી તમારી યોગ્યતા હોય, તેટલી જ જવાબદારી લેવી અને સંપૂર્ણપણે નિભાવવી પરંતુ માયા-કપટ કે છેતરપિંડી કે cheating ક્યારેય ન કરવી.

કેમ કે, માયા શું કરાવે ? માયા અનાદેય નામકર્મનો બંધ કરાવે. જે માયા-કપટ કરતાં હોય એનું અનાદેય નામકર્મ હોય. અનાદેય નામકર્મ એટલે શું ?

એનું બોલવું કોઇને ગમે નહીં; એનું કાર્ય કોઇને ગમે નહીં. લોકો એના વિરોધી બની જાય. તે જે કાંઈ બોલે તેવું ન થાય, બીજું જ કાંઇ થાય. એના માટે બધાંને અંદરમાંથી અપ્રિયતાનો અનુભવ થાય. તે ગમે એટલું સારું કરવા જાય છતાં લોકોને એના માટે અણગમો જ થાય. આને કહેવાય અનાદેય નામકર્મનો ઉદય.

અનાદેય નામકર્મનો ક્ષય કરવાનો ઉપાય શું? પ્રભુએ કહ્યું છે, **અનાદેય કર્મને ખપાવવાનો ઉપાય છે વિનય.** અનાદેયને ક્ષય કરવાનો ઉપાય છે વંદનાનો વિનય. માત્ર યોગનો વિનય નહીં, ઉપયોગનો વિનય.

માત્ર મન-વચન-કાયાનો જ વિનય નહીં, ભાવોનો વિનય. માત્ર કાયાનો વિનય નહીં, આત્મિક વિનય. હૃદયનો વિનય, સત્યનો વિનય, અવિરોધ વિનય.

આવો **વિનય કરનારી વ્યક્તિ જ્યાં જાય ત્યાં સહુ માટે પ્રિતીપાત્ર બની જાય.** પણ જેનો અનાદેય નામકર્મનો ઉદય ચાલતો હોય તે ગમે તેટલું સારું કરવા જાય પણ એની કદર જ ન થાય અને અંતે બધાં એને એકલાં કરી દેતાં હોય.

અનાદેય કર્મનો બંધ શેનાથી થાય ?

માયા-કપટ કરવાથી.

સાધુ કેવો હોય ? 'अमायं कुव्वमाणे'

સાધુ ક્યારેય માયા-કપટ ન કરે.

એટલે જ સાધુ જ્યાં પણ જાય, ત્યાં અજાણ્યા લોકો પણ સાધુને આવકાર આપે.

ઘણીવાર એવું બનતું હોય, કોઇ શ્રાવક કે શ્રાવિકા આવીને કોઇક સાધુ-સાધ્વીજીને કહી જતાં હોય કે, **મને તમારા માટે બહુ લાગણી છે.**

તો અહિંયા પરમાત્મા સાવધાન કરે છે કે keep distance.

કેમ કે, **સાધુ લાગણીઓ છોડવા માટે જ સાધુ બને છે. લાગણી તે સાધુતાને ગુમાવવાનું કારણ છે.** કેમ કે, કોઇક વ્યક્તિને પોતાની બનાવવી એટલે પોતે પોતાના ન રહેવું. જે પરમાત્માના હોય એને બીજા કોઇને પોતાના બનાવવાની વધારે જરૂર ન પડે.

પણ જે બીજાને પોતાના બનાવવાનો પ્રયત્ન કરે છે એ ક્યાંક ને ક્યાંક માયા-કપટ કરતાં હોય.

ગયા ભવમાં માયા-કપટ કરવાના કારણે સ્ત્રીનો ભવ મળે તે અલગ વાત છે. પણ આ ભવમાં સ્ત્રી, પુરુષ સાથે વધારે છેતરપિંડી ન કરી શકે. પુરુષ હંમેશા સ્ત્રીની સાથે વધારે છેતરપિંડી કરતો હોય. સ્ત્રી કદાચ હજી પણ સાચી લાગણી રાખી શકે પણ પુરુષ પાસે માત્ર લાગણીનો show હોય. તે માત્ર વ્યવહાર નિભાવે, માત્ર એનું કામ કઢાવે.

પણ ભગવાને કહ્યું છે, સાધુ હોય કે શ્રાવક, મારો દરેક સાધક 'अमायं कुव्वमाणे' હોય.

એક વસ્તુ સમજવા જેવી છે, જ્યારે પણ તમને એવું લાગે કે મારું કોઇ માનતું નથી, મારું કોઇ સાંભળતું નથી, કોઇને મારી પરવા નથી ત્યારે સમજી જવું જોઇએ કે ક્યાંક ને ક્યાંક શું કર્યું છે ? માયા-કપટ કર્યું છે.

સાધુ જો માયા-કપટ કરનારો ન હોય તો સાધુ કેવો હોય ? ભગવાને કહ્યું અણગાર હંમેશા 'उज्जुकडे' હોય. તે દિલનો એકદમ ઋજુ હોય.

ઋજુ એટલે શું ? Heartની softnessને ઋજુતા કહેવાય છે. સાધુનું heart બધાં માટે soft હોય. સાધુના heartમાં જો કઠોરતા આવવા લાગે તો યાદ રાખવું કે સાધુતા ધીમે-ધીમે down થઇ રહી છે.

ઋજુતાની વ્યાખ્યા શું ?

**કોઇપણ પ્રકારની પકડ ન હોય તે ઋજુતા.**

સાધુ કયારે પણ કોઇપણ ઘટના, પ્રસંગ કે વાતને પકડી ન રાખે.

બનવાનું હતું તે બની ગયું, થવાનું હતું તે થઇ ગયું પણ એ વાતની પકડ ન રાખે કે હવે આમ બન્યું એટલે હું આમ જ કરીશ.

બે શબ્દ છે, પકડ અને અડગતા. બંને શબ્દ વચ્ચે ફરક હોય.

**આત્મ ગુણોમાં અડગતા જરૂરી છે પણ સંયોગોમાં ઋજુતા જરૂરી છે.** ગુણોની પકડને અડગતા કહેવાય પણ વસ્તુ, વ્યક્તિ, વાતાવરણ, સ્થિતિ, મન, વચન, કાયા આ બધાં જેટલાં પણ સંયોગો છે તે સંયોગોમાં ઋજુતા હોય. આમ પણ ચાલે અને આમ પણ ચલાવી શકાય. તેની વધારે કોઇ પકડ ન હોય.

'अणगारे उज्जुकडे' અણગાર શબ્દ કોના માટે છે ? અણગાર શબ્દ આત્મિક છે કે સાંયોગિક ? સાધુતા સંયોગ છે કે આત્માની છે ? અણગારપણાનો ગુણ આત્મિક છે. તેમ છતાં અણગારપણું માત્ર આત્મિક દશામાં રહી શકે છે ? ના. નથી રહી શકતું. તો કઇ દશામાં રહે છે ? સાંયોગિક દશામાં. અને જ્યાં સંયોગ દશા હોય ત્યાં વ્યવહાર હોય કે નિશ્ચય હોય ? વ્યવહાર હોય.

એટલે યાદ રાખવું કે સંયોગ દશામાં વ્યવહાર હોય અને વ્યવહારને નિભાવવા પણ પડે. એટલે નિશ્ચયમાં અડગતા હોય અને વ્યવહારમાં ઋજુતા હોય.

ભગવાને કહ્યું, અણગાર 'णियागपडिवण्णे'

નિયાગ એટલે શું ?

**જે પ્રાપ્ત કરવાનું છે, જે પ્રાપ્ત કર્યા પછી ક્યારેય છૂટવાનું નથી એવું પ્રાપ્ત કરવું એને નિયાગ કહેવાય છે.**

'णियागपडिवण्णे' એટલે, મોક્ષમાર્ગની આરાધના જેણે શરૂ કરી દીધી છે એવા અણગારની દિશા કઇ તરફની હોય ?

જેવી રીતે ગલી કોઇપણ હોય પણ છેલ્લે તે Highwayને મળતી હોવી જોઇએ. ગલી ચાહે વ્યવહારની હોય કે નિશ્ચયની પણ એ જો મોક્ષના highwayને મળતી હોય તો એ જ ગલીમાં અણગારપણાની સાધના હોય.

**જે મસ્તકમાં પ્રભુની વાણીના ધોધનું સિંચન કરવામાં આવે, તે મસ્તકમાં ગુણોના અંકુરા ફૂટ્યા વિના રહે નહીં**

ભવ્ય જીવ
બોધન ભણી,
ગોયમ ગયાં
સુજાણ

ભવ્ય જીવ
બોધન ભણી,
પરમ ગુરુદેવ પધારે
કચ્છને દ્વાર

અહોભાવથી
આવકારીએ

પધારો
ગુરુદેવ
પધારો !

- શ્રી સંજયભાઈ ગોગરી પરિવાર, કચ્છ - કપાયા, હાલઃ મુંબઈ - ચેમ્બુર

ધન્ય બન્યું **સોરઠ...**

અને ધન્ય બન્યું **ગુજરાત...**

ધન્ય બન્યાં **નગર-નગર...**


સ્પર્શી જ્યાં **'પરમ ગુરુની ચરણરજ'**

ધન્યાતિધન્ય બનશે, હવે **કચ્છ**ની ધરા

અસીમ કરુણા કરી, પરમ ગુરુદેવ પધારી રહ્યાં !

# ...પધારો... પરમ ગુરુદેવ ...પધારો...

- શ્રી અલ્પાબેન રીપુલભાઈ નંદુ પરિવાર, કચ્છ - નાના ભાડિયા



# એક સૂત્ર – મારી ઈચ્છાનું શુદ્ધિકરણ

- રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

## अट्टे लोए परिजुण्णे, दुस्संबोहे अविजाणए।

### શ્રી આચારાંગ સૂત્ર-અધ્યયન 1, ઉદ્દેશક 2

મા ની ગોદથી સ્મશાનની ગોદ સુધીની આ જીવનયાત્રા. માની ગોદથી મૂકેલાં શૂન્યથી શરૂ થતી આ જીવનયાત્રામાં... મારે degree મેળવવી છે, મારે doctor બનવું છે, મારે આ મેળવવું છે, મને આમ કરવું છે, મારું પદ, મારી પ્રતિષ્ઠા, મારું સ્થાન, મારી સ્થિતિ-સંયોગ, મારી વસ્તુ, મારી વ્યક્તિ એવા અનેક પ્રકારના addition જોડાતાં જાય અને અંતે જ્યારે વૃદ્ધાવસ્થા હોય, પથારી હોય, હલન-ચલન કરવાની પણ ક્ષમતા ન હોય અને જીવનનો અંત દેખાતો હોય તે સમયે સમજાય કે જગતના તમામ સુખ મળી જવા છતાં, જગતનું બધું જ મળી જવા છતાં, અંતે તો શૂન્યનું શૂન્ય જ રહી ગયું!

ભગવાન કહે છે, 'अट्टे लोए परिजुण्णे, दुस्संबोहे अविजाणए।'

આ લોકના તમામ જીવો દુ:ખી છે. મને આ જોઇએ છે, આ મેળવવું છે, અહિંયા આમ કરવાનું છે, આ નથી મળ્યું.

'अट्टे' એટલે આર્ત. ઈચ્છાના કારણે વ્યક્તિ અંદરમાંથી upset થાય તેને આર્ત કહેવાય છે. આર્ત એટલે ભિનાશ, પોતાની ઈચ્છાનો ઉપદ્રવ, પોતાની demands. ભગવાન કહે છે, સમગ્ર સંસારના જીવો આર્તમાં લાગેલાં છે. એટલે કે, કોઈપણ સમયે એની પાસે demand સિવાય બીજું કાંઈ ન હોય.

કોઈ કીડીને જોઈએ તો આખો દિવસ demandમાં જીવી રહી હોય. માખી-મચ્છર, ગાય-ભેંસ અને મોટાભાગના મનુષ્યો પણ શેમાં જીવી રહ્યાં હોય? પ્રાણીઓને કાંઈક ન કાંઈક જોઈતું જ હોય. Demand ન હોય તે પ્રાણી ન હોય. એટલે જે સમયે આપણી અંદરમાંથી કોઈપણ પ્રકારની demand આવે ત્યારે સમજી લેવું કે મારામાં અને પ્રાણીમાં કોઈ ફરક... ?

'अट्टे लोए परिजुण्णे'

**જ્યાં demand હોય ત્યાં વ્યક્તિનો વિવેક જીર્ણ થઈ જાય છે, ત્યાં વ્યક્તિની પ્રજ્ઞા જીર્ણ થઈ જાય છે.**

મંકોડાને એકવાર demand જાગે ગોળ ખાવાની, તો એને ખબર ન પડે કે હું Highway પર છું, હમણાં car આવશે, મારા પર ફરી વળશે! એ તો બસ એની તરફ ગતિ કરતો રહે. એવી જ રીતે કોઈ વ્યક્તિને કોઈનાં માટે પ્રેમ થઈ જાય એટલે એને બીજું કાંઈ ધ્યાન જ ન રહે, કોણ? ક્યાં? શું? બસ એની તરફ જોયાં કરે.

ભગવાન કહે છે, **ઈચ્છા વ્યક્તિના વિવેકનું મૃત્યુ કરાવી દે છે!**

'अट्टे लोए परिजुण्णे,
दुस्संबोहे अविजाणए।'

ભગવાને એક જબરદસ્ત વાત કરી, **આ જગતના લોકોને સત્યનો બોધ કરાવવો બહુ અઘરો છે. જેના અંદરમાં સત્યનો બોધ જાગી જાય તે સંસારમાં રહી જ ન શકે. સંસારમાં એ જ રહે જેને સત્યનો બોધ ન થયો હોય.** એને ગમે એટલું સમજાવવામાં આવે પણ એને એમ જ લાગ્યાં કરે, આ જોઈએ છે, આ મેળવવાનું છે.

કેટલાંક લોકો 'परिजुण्णे' પોતાની ઇચ્છાના કારણે દુ:ખી થતાં હોય છતાં પણ પોતાની selfને ઈચ્છાથી મુક્ત કરી શકતાં નથી.

ભગવાન કહે છે, તારા હાથમાં કાંઈ રહ્યું જ નથી, તે બધું મોહના હાથમાં સોંપી દીધું છે.

એકવાર જેને સત્યનો બોધ પ્રાપ્ત થઈ જાય એટલે સૌથી પહેલાં તે ભ્રમથી મુક્ત થવાનો વિચાર કરે. ભ્રમથી મુક્ત થવા માટે એણે શરીરના સંયોગો છોડવા પડે. એના માટે સૌથી પહેલાં હિંસા છોડવી પડે. આખો સંસાર ચાલે છે હિંસાથી!

એટલે જે હિંસા કરે છે, જે પાપ કરે છે એને જ એના કર્મો ભોગવવા પડે છે. એના કર્મ કોઈ બીજો આત્મા નથી ભોગવતો. માટે, ભગવાને કહ્યું, 'संति पाणा पुढो सिआ।' દરેક આત્મા સ્વતંત્ર છે, અલગ છે. દરેકના કર્મો પણ અલગ અલગ છે. એટલે કે, સંસારીઓ family નામના ભ્રમમાં જીવે છે. આ મારી વ્યક્તિ, આ મારું family એવા ભ્રમમાં જીવી રહ્યાં છે, તો જ્યારે પણ કોઈ બે વ્યક્તિ વચ્ચે લાગણી થવા લાગે

ત્યારે ભગવાને એક red light બતાવી દીધી કે 'संति पाणा पुढो सिआ।' દરેક આત્મા સ્વતંત્ર છે.

જ્યાં સુધી કોઈક તારું છે એવું તું માને છે એટલે તને એના માટે લાગણી થશે, એના માટે કાંઇકને કાંઇક કરવાનું મન થશે, ધીમે ધીમે સંયોગો વધતાં જશે, સંયોગોના કારણે રાગ વધતો જશે અને રાગના કારણે તારા કર્મો વધતાં જશે અને કર્મોના કારણે સંસાર વધતો જશે.

આખો સંસાર આવી રીતે ચાલી રહ્યો છે. એક ગાયની પાછળ બીજી ગાય, કબૂતર અને કબૂતરી એકબીજાની આગળ પાછળ ફરી રહ્યાં છે. સંસારના જીવોનો સૌથી મોટો એક weak point છે, મને કોઈકની જરૂર છે. પણ ભગવાન કહે છે, આજે જે તારી સાથે છે તે ભૂતકાળના લાખો વર્ષમાં ક્યારેય સાથે નહોતા અને બની શકે કે આ ભવ પછીના લાખો વર્ષ સુધી એ તારી સાથે ન હોય. હંમેશા યાદ રાખવું, **કોઈના વગર કોઈ રહી ના શકે તે સૌથી મોટો ભ્રમ છે. ભગવાને કહ્યું છે દરેક આત્મા સ્વતંત્ર છે.**

ભગવાન કહે છે, કોઈ વ્યક્તિના ઉપકાર યાદ આવે, કોઈના ગુણ યાદ આવે તો કોઈ problem નથી પણ એક વ્યક્તિ તરીકે કોઈની યાદ આવે તો problem છે. ઉપકારી સર્વ હોઈ શકે મારું કોઈ ન હોઈ શકે. લાગણી માત્ર તે મિથ્યાત્વ હોય. સમકિતી વ્યક્તિને ક્યારેય લાગણી ન હોય.

માટે જ સમ્યક્દૃષ્ટિ જીવ સંસારમાં પણ રહેતો હોય તો પણ બધાંની વચ્ચે હોવા છતાં પણ તે પોતાના આત્માને બધાંથી અલગ જ માનતો હોય.

દરેક સાધકનું લક્ષ્ય હોવું જોઈએ, 'संति पाणा पुढो सिआ' - મારે લાગણીથી મુક્ત થઈ જવું છે, મારે કોઈની યાદથી મુક્ત થઈ જવું છે. મારે સંબંધભાવથી મુક્ત થઈ જવું છે. સંસાર ચાહે છૂટે કે ન છૂટે પણ એટલું યાદ રહેવું જોઈએ કે કર્મના કારણે જેમની સાથે જોડાંયેલાં છીએ એમની સાથે રાગભાવથી જોડાવું નથી.

મહાવીર જ્યારે યશોદાની સાથે રહેતાં હોય તો કેવી રીતે રહેતાં હોય? યશોદાને પોતાની માનીને રહેતાં હશે કે કર્મના ઉદયને ખપાવવા માટે સાથે રહેતાં હશે? કર્મોના ઉદયને ખપાવવાના ભાવ સાથે રહેતાં હશે.

એમ મહાવીરનો વારસદાર પણ કેવી રીતે રહે? કોઈની પણ સાથે રહે તો, મારા એની સાથેના જેટલાં કર્મો છે તે ખપાવવા માટે તેની સાથે છું, મારે તેની સાથે નવા કર્મનો બંધ નથી કરવો.

'संति पाणा पुढो सिआ' - **આ એક જ લાઈન સંસારમાં કેવી રીતે રહેવું તે શીખવાડી દે છે. રાગનો અંશ ન હાય અને ફરજ 100% હોય. 100% ફરજ અને 0% feelings. કેમ કે, જ્યાં લાગણી છે ત્યાં દુ:ખ છે.**

ભગવાન કહે છે, બધાંની સાથે પ્રેમથી રહેવાનું પણ mirrorની જેમ રહેવાનું. Mirror કોઈનો હોય નહીં છતાં mirrorમાં બધાં દેખાતાં હોય. આપણે કોઈના હોઈએ નહીં છતાં પણ બધાંની સાથે હોઇએ.

ભગવાને કહ્યું, સાધક એ હોય જે કોઈકની લાગણી જોઈને લજ્જિત થઈ જાય. કોઈની લાગણી feel કરીને લજ્જિત થઈ જાય. જેવી રીતે કોઈક વ્યક્તિને કોઈક ખોટું કામ કરવાનું કહેવામાં આવે ત્યારે તેના અંદરમાં તે કામ પ્રત્યે જેવા લજ્જાના ભાવ આવે એમ, જ્યાં પણ સાધક લાગણી જુએ તો અંદરમાંથી એને લજ્જા આવવા લાગે. 'लज्जापाणा पुढो पास।।'

**લાગણીને જોઈને લજ્જિત થવું તે સાધક દશા છે, લાગણીને જોઈને ખુશ થવું તે સંસાર દશા છે.**

એમને મારા માટે કેટલી લાગણી છે, એ કેટલી care કરે છે, મારું કેટલું ધ્યાન રાખે છે. આવી તમામ લાગણીથી સાધું હંમેશા લજ્જિત થતો હોય. **કોઈકની લાગણી ગમવા લાગે તો યાદ રાખવું કે આપણે સમ્યક્ત્વને ગુમાવી રહ્યાં છીએ. સમકિતી વ્યક્તિ હંમેશા ગુણાનુરાગી હોય, એ ક્યારેય વ્યક્તિ રાગી ન હોય.** સમકિતી વ્યક્તિ હંમેશા ગુણ આધારિત લાગણીનો અનુભવ કરે, રાગી વ્યક્તિ સુખ, સામગ્રી આધારિત લાગણીનો અનુભવ કરે.


**પદાર્થને જોઈને જાગતો પ્રેમ હંમેશા રાગ હોય છે, ગુણને જોઈને જાગતો પ્રેમ તે સાચો પ્રેમ હોય.** રાગ ક્યારેય પ્રશસ્ત ન હોય. કેમ કે, રાગ તે પાપ છે અને પાપ ક્યારેય પ્રશસ્ત ન હોય. ગુણાનુરાગ તે રાગ નથી પણ ગુણ પ્રત્યેનો અહોભાવ છે.

ગૌતમ સ્વામીને ભગવાન મહાવીર પ્રત્યે રાગ ન હતો. અનન્ય સમર્પણતા હતી, અનન્ય સંવેગભાવ હતો. સંવેગ તે રાગનો ક્ષયોપશમ છે. સંવેગમાં આકર્ષણ હોય પણ તે ગુણ આધારિત હોય. સંવેગમાં પણ દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે અનન્ય સમર્પણતા, અનન્ય ભક્તિ અને attachment હોય પણ તે ગુણ આધારિત હોય.

રાગ હોય કે સંવેગ હોય, અંતે એ જ યાદ રાખવાનું છે, 'संति पाणा पुढो सिआ।' બધાં આત્મા અલગ છે. હું પણ એકલો છું, તે પણ એકલાં છે. **કોઈ કોઈનું હતું નહીં, કોઈ કોઈનું છે નહીં, કોઈ કોઈનું હશે નહીં અને કોઈ કોઈનું થશે નહીં.**

સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય શ્રી પ્રાણગુરુ સંયમ શતાબ્દી સ્મૃતિ ગ્રંથ

# પ્રાણ શિષ્ય શ્રુત સંપદા




## પૂજ્ય શ્રી પ્રાણગુરુદેવની સંયમ શતાબ્દી અંતર્ગત
## ટૂંક સમયમાં સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન થશે

**પ્રાણ શિષ્ય શ્રુત સંપદા ગ્રંથમાં સમાવેશ કરવામાં આવેલ છે...**

- સ્થાનકવાસી-ગોંડલ સંપ્રદાયનો સંક્ષિપ્ત ઇતિહાસ.
- ગોંડલ સંપ્રદાયના સંસ્થાપક નિદ્રાવિજેતા આચાર્યદેવ પૂજ્ય શ્રી ડુંગરસિંહજી મહારાજ સાહેબ અને તેમની પાટ પરંપરા
- ગુરુ પ્રાણ પરિવારના પૂજ્ય સંતોના તથા પૂજ્ય સતીજીઓના જીવનના વિશિષ્ટ પ્રેરક પાસાઓનું દર્શન.
- ગુરુ પ્રાણ પરિવારમાં થયેલ વિશિષ્ટ તપસ્યાઓ, સંથારા, શ્રુત સર્જન, દીક્ષા મહોત્સવ, તપોત્સવની માહિતી.
- ગુરુ પ્રાણ પરિવારના પૂજ્ય સંતો અને પૂજ્ય સતીજીઓની પ્રેરણાથી થયેલ જિનશાસન પ્રભાવનાના અને જનસેવાના કાર્યોની ઝલક.

**પ્રાણ પરિવારનો 700 પૃષ્ઠનો આ દળદાર ગ્રંથ બે ખંડમાં પ્રકાશિત થશે**
**જે multicolour, art paper પર રંગીન તસવીરો અને ઐતિહાસિક માહિતીથી સભર હશે**




## પ્રકાશન સૌજન્ય દાતાઓ માટે શ્રુત અનુમોદના યોજના

| | |
|---|---|
| **₹ 51000/- શ્રુત સહયોગી**<br>ગ્રંથમાં નામ પ્રગટ થશે અને પાંચ સેટ ભેટમાં અપાશે | **₹ 21000/- શ્રુતધર**<br>ગ્રંથમાં નામ છપાશે અને ત્રણ સેટ ભેટમાં અપાશે |
| **₹ 11000/- શ્રુત સદ્સ્ય**<br>ગ્રંથમાં નામ છપાશે અને બે સેટ ભેટમાં અપાશે | **₹ 5000/- શ્રુત શુભેચ્છક**<br>ગ્રંથમાં નામ છપાશે અને એક સેટ ભેટમાં અપાશે |


**ચેક "Arham Spiritual Center" ના નામે આપવો. દાન 80G હેઠળ કરમુક્ત છે.**
**સંપર્ક: +91 9820215542 / 022-2500 0900**

# આગમ વાંચના

## સ્વયંના

## future planning

## માટે હોય છે



દીપક પ્રજ્વલિત કરવો જરૂરી છે પણ,
પ્રજ્વલિત થયેલો દીપક બુઝાઈ ન જાય... એની સાવધાની રાખવી વધારે જરૂરી છે.
આત્મા વિશે જાણવું જરૂરી છે, પણ આત્મ શુદ્ધિનો પુરુષાર્થ મંદ ન પડી જાય...
એ સાવધાની રાખવી વધારે જરૂરી છે.

■ Nitin Khara ■ Nalin Khara ■ ILesh Khara
Call: 7620 250 251

Moving with Confidence

**Confidence Petroleum India Limited**
**Head Office :** 4th Floor, Landmark, Above Big Bazaar, Wardha Road, **Nagpur** - 440012

Website: www.confidencegroup.co ■ gogas@confidencegroup.co ■ www.elitegogas.com ■ info@elitegogas.com ■ elitegogas

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2020-2022 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2020-2022
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-6-2022




From : DEEPAK K. BHAYANI - 202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar, Andheri (East), Mumbai - 400 099